# તુવેરના વ્યંધત્વના રોગનું સંકલિત નિયંત્રણ

**કઠોળ સંશોધન કેન્દ્ર, જુ.કૃ.યુ., જુનાગઢ**

## રોગના લક્ષણો

તુવેરમાં આવતો વ્યંધત્વનો રોગ (Sterility Mosaic Disease) સ્ટરીલીટી મોઝેઈક વાયરસથી થાય છે અને પાન કથીરી જીવાત દ્વારા ફેલાય છે, જે નરી આંખે જોઈ શકાતી નથી. વધુમાં આ રોગ બીજ દ્વારા ફેલાતો નથી. ખેતરમાં રોગગ્રસ્ત છોડ દૂરથી ઓળખી શકાય છે જેમાં રોગિષ્ટ છોડ શરૂઆતની અવસ્થાએ કદમાં નાના રહી જાય છે. તેના પર તંદુરસ્ત છોડની સરખામણીમાં આછા લીલા રંગના પાન દેખાય છે અને રોગનું વધુ ઉપદ્રવ જણાતા પાનમાં આછા લીલા અને પીળાશ પડતા રંગની મોઝેઈક આકૃતિ દેખાય છે અને પાનની સંખ્યા વધારે હોય છે તેમજ પાનનું કદ ઘટી જાય છે. આવા રોગિષ્ટ છોડ અથવા રોગિષ્ટ ડાળીઓ પર ફૂલ કે શીંગો આવતી નથી. ઘણી વખત આ રોગ પાકની પાછલી અવસ્થાએ પણ જોવા મળે છે. આ રોગમાં સામાન્ય રીતે છોડ વાંઝીયો રહી જાય છે. ઘણીવાર અડધા છોડમાં આ પ્રકારના લક્ષણો દેખાય છે. જયારે છોડ અર્ધો રોગમુકત હોય ત્યારે અડધા છોડમાં ફૂલ અને શીંગો જોવા મળે છે. આમ જોઈએ તો આ રોગ પાન કથીરી દ્વારા ફેલાતો હોય છે, કથીરીના ઉપદ્રવ અથવા વ્યંધત્વના રોગના સાનુકુળ પરિબળો અને તેના નિયંત્રણ માટેના પગલા નીચે મુજબ છે.

## રોગના સાનુકુળ પરિબળો

- ખેતરના જે વિસ્તારમાં કે ખેતરમાં જે જગ્યાએ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતું હોય તેવી જગ્યાએ કથીરીનો ઉપદ્રવ વધુ હોવાની શક્યતા રહે છે.
- આંબાના અથવા અન્ય ફળ પાકોના બગીચાની આજુબાજુના વિસ્તારમા અથવા બગીચાની વચ્ચેની હારમા વાવેતર કરવાથી આ રોગના ઉપદ્રવની શક્યતાઓ વધી જાય છે.
- આ રોગ સામાન્ય રીતે ભૌગોલિક પરીસ્થિતિ, વાતારણીય પરિબળો અને મોટા વિસ્તારમાં એક જ પાક અને એક જ જાતનું વાવેતર થવાથી કથીરીના ઉપદ્રવની શરૂઆત થયાપછી ખૂબ જ ઝડપથી તેનો ઉપદ્રવ વધતો જોવા મળે છે અને આ રોગ આવવાની શક્યતાઓ વધી જાય છે.

## <u>નિયંત્રણ</u>

- તુવેરનો બડધા પાક (બીજી ફૂટ) લેવી નહી.
- તુવેર પાકની અન્ય કઠોળ અથવા ધાન્ય પાક સાથે ફેરબદલી કરવી.
- તુવેર પાક અને શેઢાપાળાને નિંદામણ મુક્ત રાખવા તેમજ તુવેર પાક લીધા પછી છોડ તેમજ તેના અવશેષો ખેતરમાં રહી ગયેલ હોય તો તેને દૂર કરી નાશ કરવા.
- રોગ પ્રતિકારક જાતનું વાવેતર કરવું.
- પાકની શરૂઆતની અવસ્થાએ ખેતરમાં રોગિષ્ટ છોડ દેખાય તો તેને ઉપાડીને તુરંત જ નાશ કરવો અને ભલામણ મુજબની નીચે દર્શાવેલ દવાનો છંટકાવ કરવો.
- તુવેરનું ભલામણ પ્રમાણે સમયસર વાવેતર કરવું. મોડું વાવેતર કરવાથી આ રોગના ઉપદ્રવની શક્યતાઓ વધી જાય છે.
- નાઈટ્રોજનયુકત ખાતરોનો ભલામણ મુજબ સપ્રમાણ ઉપયોગ કરવો.
- આ રોગ પાન કથીરીથી ફેલાતો હોવાથી કથીરીનાશક દવાઓ
  - ✓ પ્રોપરગાઇટ ૫૭ % ઈ.સી. ૨૦ મિલી **અથવા**
  - ✓ ફેનાઝાક્વિન ૧૦ % ઈ.સી. ૨૦ મીલી **અથવા**
  - ✓ સ્પાઈરોમેસીફેન ૨૨.૯ % ઈ.સી. ૧૦ મિલી **અથવા**
  - ✓ પ્રોપરગાઇટ ૪૨%+ હેકઝીથાયાઝોક્સ ૨%ઈ.સી ૨૫ મિલી

  ૧૦ લિટર પાણીમાં ભેળવી ૩૦, ૪૫, ૬૦ અને ૯૦ દિવસે રોગના લક્ષણો જણાય તે મુજબ તુરંત જ છંટકાવ કરવો. **વધુમાં આ જીવાત નરી આંખે જોઈ શકાય એમ ન હોવાથી ઉપરોક્ત કોઈપણ કથીરીનાશક દવાઓનો આગોતરો છંટકાવ ૩૦ અને ૪૫ દિવસે કરવો હિતાવહ છે.**







